
# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે વિસ્તરણ કાર્યકરોની તાલિમ યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે તા. ૧૪/૦૯/૨૦૧૭ ના રોજ વિસ્તરણ કાર્યકરોની તાલિમ યોજવામાં આવેલ જેમાં તારાપુર તેમજ સોજીત્રા તાલુકાના નવા નિમણુંક પામેલ ૨૦ ગ્રામસેવકોએ ભાગ લીધો હતો. સદર કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિસ્તરણ કાર્યકરો ખેડુતોના સીધા સંપર્કમાં આવતા હોવાથી તેઓએ પોતાના કામની સાથે સાથે ખેડુતોને ખેતી વિષયક માહિતગાર કરવાનો છે. આ કાર્યક્રમમાં શ્રી પથિકભાઇ દવે, મદદનિશ ખેતી નિયામકશ્રી, ખંભાત હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી (ઇન્ચાર્જ), ડૉ. એસ. બી. કાટોલે એ સર્વેનું સ્વાગત કર્યા બાદ પશુપાલન વિશે માહિતિ આપી હતી જેમાં તેઓએ પશુરોગ અને સારવાર, રસીકરણ, ચાફ કટર, બાય પાસ ફેટ વગેરે વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી હતી તેમજ આ માહિતી ખેડુતો સુધી પહોંચાડવા માટે અભ્યર્થના કરેલ. ત્યારબાદ શ્રી પથિકભાઇ દવે, મદદનિશ ખેતી નિયામકશ્રીએ કેવીકે દ્વારા આવા કાર્યક્રમો અવાર નવાર કરી ગ્રામસેવકોને કૃષિ વિષયક તાંત્રિકતાઓથી જાગૃત કરવા જણાવ્યુ હતું. ત્યારબાદ કેન્દ્રના વૈજ્ઞાનિક(બાગાયત) શ્રીમતી અમિતાબેન બી. પરમારે ખેડુતોને કૃષિમાં ઈ ગવર્નન્સના માધ્યમથી સ્માર્ટફોનના ઉપયોગ દ્વારા કૃષિને લગતી વિવિધ મોબાઇલ એપ્સ તેમજ વેબસાઇટ્સ જેવી કે એગમાર્ક નેટ, આઇ ખેડૂત પોર્ટલ, આ.કૃ.યુ. ની વેબસાઇટ વગેરે વિશેની જાણકારી આપી તેઓને આણંદ કૃષિ યુનિવર્સીટી દ્વારા થયેલ નવીન તાંત્રિકતાઓ ખેડુતો સુધી પહોંચાડવા વિશે જણાવ્યુ હતું તથા બાગાયતી પાકોમાં પોસ્ટહાર્વેસ્ટ ટેકનોલોજી વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. તાંત્રિક બેઠકના અંતે તેઓએ તાલિમાર્થીઓને કેવિકે ખાતેના વિવિધ નિદર્શન યુનીટો જેવા કે નર્સરી, ઔષધિય અને સુગંધિત પાક કૌતુકાલયની મુલાકાત કરાવેલ તેમજ આ.કૃ.યુ., આણંદ ખાતે સરદાર પટેલ મ્યુઝિયમ તથા સરદાર સ્મૃતિ કેન્દ્રની મુલાકાત કરાવેલ. સરદાર સ્મૃતિ કેન્દ્રના વડાશ્રી ડૉ. મુકેશભાઇ પટેલ દ્વારા કેન્દ્ર ખાતે ખેડૂતો માટે ચાલતા વિવિધ કૃષિ વિષયક તાલીમ કાર્યક્રમો વિશેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. સમગ્ર તાલિમ કાર્યક્રમનું સફળતાપુર્વક આયોજન તેમજ સંચાલન શ્રીમતી અમિતાબેન બી. પરમાર, વૈજ્ઞાનિક(બાગાયત) દ્વારા કરવામાં આવેલ.












SARDAR PATEL
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવાતજ